ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

ખગોળ, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ
અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

Date : 25th August, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.............................................................................,
ભાવનગર.

**વિશ્વ ઓઝોન દિવસ અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'Ozone Talk for Life'**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

આપણને ખ્યાલ છે કે પૃથ્વી પરનું જીવન સુર્યપ્રકાશ વિના શક્ય નથી પરંતુ સૂર્યમાંથી નીકળતા પારજાંબલી કિરણોને શોષવાનું અગત્યનું કામ પૃથ્વીના સૌથી ઉપરના સ્તર સ્ટ્રેટોસ્ફીયરમાં આવેલ ઓઝોન પડ કરે છે. આ ઓઝોન પડ હાનીકારક પારજાંબલી કિરણોથી આપણને રક્ષણ આપે છે. આમ સૂર્યપ્રકાશ એ જીવનને શક્ય બનાવે છે તેમ ઓઝોન સ્તર જીવન બનાવે છે. વૈજ્ઞાનિકોને ૧૯૭૦ ના દાયકામાં આ ઓઝોન સ્તર માં ગાબડુ પડવાનો ખ્યાલ આવ્યો કે માનવીય પ્રવૃતિઓ દ્વારા વાતાવરણમાં ખુબ વધુ પ્રમાણમાં દાખલ થતા 'ઓઝોન ડેપ્લેટીંગ વાયુઓ' આ માટે મુખ્યત્વે કારણભૂત છે. 'જીવન માટે ઓઝોન' એ સૂત્ર યાદ રાખવું, પૃથ્વી પરના જીવન માટે ઓઝોન જ નિર્ણાયક નથી પરંતુ આપણી ભાવી પેઢી માટે ઓઝોન સ્તરનું રક્ષણ કરવું એ આપણી નૈતિક ફરજ છે.

૧૬ ઓક્ટોબર વિશ્વ ઓઝોન દિવસ ૨૦૨૦ એ ozone day for our life: 35 years of ozone layer protection અંતર્ગત ઉજવવામાં આવી રહ્યો છે. આ ઉજવણીના ભાગ રૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા 'Ozone Talk for Life'નું આયોજન કરવામાં આવેલ છે.

આ ઓઝોન ટોકમાં જાણીતા વિજ્ઞાનપ્રેમી અને લોક ભારતી સણોસરાના નિયામક ડૉ. અરુણભાઈ દવે દ્વારા ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ સાંજે ૮ થી ૯:૩૦ દરમ્યાન વિષય સંદર્ભે વ્યાખ્યાન આપવામાં આવશે. 'Ozone Talk for Life'માં જોડાવા ઈચ્છતા તમામ પર્યાવરણ પ્રેમીઓએ તા.૧૪-૦૯-૨૦૨૦ સુધીમાં પોતાના નામની નોંધણી www.krcscbhavnagar.org / upcoming events પર કરવાની રહેશે. લાઈવ 'Ozone Talk for Life'ના અંતે બે સ્ક્રીન શોટ અમારી વેબસાઈટ પર અપલોડ કરવાથી ઈ-પ્રમાણપત્ર મેળવી શકાશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

25/08/2020
12:35 PM

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.